જન્મદિને વધામણી

પ્રકાશભાઈ પી જોશી

લેકાવાડા ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલનું ગૌરવ

તાજેતરમાં ખેલ મહાકુંભ-૨૦૧૬ અંતર્ગત ગાંધીનગર ગ્રામ્ય જિલ્લા કક્ષાની સ્કેટીંગ અંડર-૧૬ પ્રતિયોગિતાનું આયોજન કુડાસણ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં

લેકાવાડા - ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલમાં અભ્યાસ કરતો ધોરણ-૧૦ નો વિદ્યાર્થી - પટેલ અક્ષય દિનેશભાઈ આ સ્પર્ધામાં ૫૦૦ મીટર તથા ૧૦૦૦ મીટરમાં પ્રથમ નંબર પ્રાપ્ત કરી આગામી રાજય કક્ષાની સ્પર્ધામાં પંસદગી પામેલ છે.

શાળા પરિવાર તરફથી પટેલ અક્ષયને પોતાની સિદ્ધિ માટે અભિનંદન આપી, આગામી સ્પર્ધા માટે શુભેચ્છા પાઠવવામાં આવે છે.

પ્રજાસત્તાક દિનની ઉજવણીમાં કલા, સંસ્કૃતિ અને દેશપ્રેમ છલક્યો

ચિલોડા સહજાનંદ સ્કુલ ઓફ અચિવરના વિદ્યાર્થીઓએ ચાર ટેબ્લોમાં દેશના વિવિધ ચાર ઝોનની અદભૂત ઝાંખી પ્રસ્તુત કરી : ગ્રામજનો પણ દંગ.....

ગાંધીનગર, તા. ૨૮

અભ્યાસુ પ્રવૃતિ ઉપરાંત વિદ્યાર્થીઓમાં દેશપ્રેમની ભાવના વધુ મજબુત થાય તેવા આશયથી શિક્ષણ અને સંસ્કારની સાથે વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રને સમર્પિત થવાના વિચારો બળવત્તર બનાવવાના સહજાનંદ સ્કુલ ઓફ અચિવર દ્વારા પ્રજાસત્તાક દિનની અનોખી ઉજવણી કરવામાં આવી હતી.કલા ,સંસ્કૃતિ અને દેશપ્રમેથી છલકતા આ કાર્યક્રમમાં વંદેમાતરમના થીમ પર યોગાનુ નિદર્શન તેમજ ભારત દેશની ઝાંખી દર્શાવતા ચાર ટેબ્લો આર્કષણનુ કેન્દ્ર બન્યા હતા.વિવિધ ટેબ્લો આસપાસના ગ્રામ્ય વિસ્તારના રૂટમાંથી પસાર થયા હતા.પ્રજાસત્તાક દિનની ઉજવણીમાં શાળાના ૨૫૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

પ્રજાસત્તાક દિનની ઉજવણી અન્વયે વિવિધ શાળાઓમાં વૈવિધ્યસભર કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા. ચિલોડા સ્થિત સહજાનંદ સ્કુલ ઓફ અચિવરમાં પણ ૨૫૦ જેટલા વિદ્યાર્થીઓએ કલા,સંસ્કૃતિ અને અનોખો દેશપ્રમે દાખવતી વિવિધ કૃતિઓ રજુ કરી હતી. શાળાના વિદ્યાર્થીઓએ પરેડ,પેપર ડાન્સ, દેશભક્તિના ફયુઝન ગીત, લેઝિયમ, હુપની ડ્રીલની અદભૂત પ્રસ્તુતિ કરી હતી. આ ઉપરાંત વંદે માતરમના થીમ આધારિત અદભૂત યોગા પ્રેઝન્ટેશન કર્યુ હતુ. દેશની ઝાંખી રજુ કરતા નોર્થ,સાઉથ,પુર્વ અને પશ્ચિમ ઝોન તેમ ચાર ટેબ્લો રજુ કર્યા હતા. જે માં વિદ્યાર્થીઓ વિવિધ વેશભુષામાં સજ્જ જોવા મળ્યા હતા. ગુજરાતના ગાંધી આશ્રમ, સીદી સૈયદની જાળી, સાબરમત્તી રિવરફ્રન્ટ, ગીરના સિંહની પ્રતિકૃતિ રજુ કરવામાં આવી હતી.આ ઉપરાંત રાજસ્થાની નૃત્યો પણ રજુ કરાયા હતા. નોર્થ ટેબ્લોમાં પણ હિમાલય કાશ્મીરના શિકારા, પંજાબનુ સુવર્ણ મંદિર, સંસદ ભવન, અને તાજમહેલનો ચિતાર પણ દર્શાવાયો હતો. હેદરાબાદના ચારમિનારા તેમજ મુખ્ય તહેવાર ઓનમની ઝાંખી પણ દર્શાવાઈ હતી. આ ચારેય ટેબ્લો લવારપુર,ચિલોડા ડભોડા સહીતના ગ્રામ્ય વિસ્તારમાંથી પસાર થતા ગ્રામજનોમાં પણ અૅનોખુ આર્કષણ છવાયુ હતુ. શાળાના ટ્રસ્ટી જિજ્ઞેશ રાવલ,પ્રભુદાસ પટેલ તેમજ રોહીત રાવલે હાજરી આપી વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતા.

માણસા તાલુકાની પરબતપુરા ખાતેની બી.એમ. પટેલ સાર્વજનિક હાઈસ્કૂલમાં ૬૭માં પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરવામાં આવી હતી. શિક્ષક બિપીનભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓ દ્વારા ઐતિહાસિક લાલ કિલ્લાની પ્રતિકૃતિ શાળા ખાતે બનાવવામાં આવી હતી. શાળાના ૫૬થી વધુ વિદ્યાર્થીઓને ઈનામ આપી સન્માનવામાં આવ્યા હતા તેમજ ધો-૧૦ અને ૧૨ના તેજસ્વી તારલાઓના વાલીઓનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.

સરકારી પ્રાથમિક શાળા, સે-૩૦ ખાતે પ્રજાસત્તાક દિનની શાનદાર ઉજવણી

પ્રજાસત્તાક દિવસ નિમિત્તે ગાંધીનગરના યુવાનો દ્વારા ગાંધીનગરની સે-૩૦ સરકારી પ્રાથમિક શાળા ખાતે બાળકોને સ્ટેશનરી કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

શાળાની ભૂતપૂર્વ વિદ્યાર્થીની જે હાલ ઈજનેરીનો અભ્યાસ કરે છે તે તેજસ્વીનીબેન તુરીના હસ્તે ધ્વજવંદન કરાવવામાં આવ્યું હતું.

બાળકો દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજાયા હતા. સેવાભાવી યુવાનો એવા વિજયસિંહ માજી રાણા, ટીવી એકટર જનકભાઈ ઠક્કર, ધર્મેન્દ્રભાઈ પરમાર, પૂષ્પક ઠક્કર, મોહીત શાહ, ઉમંગ મિસ્ત્રી દ્વારા બાળકોને સ્ટેશનરી કીટનું વિતરણ કરાયું હતું.

મનોરંજન

સિટી પલ્સ

સ્ક્રીન-૧
અૅરલિફ્ટ
૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦

સ્ક્રીન-૨
મસ્તીજાદે (એ)
૧૨.૩૦, ૩.૧૫, ૫.૧૫, ૭.૪૫, ૧૦.૧૫

સ્ક્રીન-૩
અૅરલિફ્ટ
૧૨.૪૫
સાલા ખડૂસ
૩.૦૦, ૫.૩૦, ૭.૩૦, ૧૦.૦૦

સ્ક્રીન-૪
ક્યા કૂલ હૈ હમ-૩ (એ)
રાત્રે ૧૦.૦૦
મસ્તીજાદે (એ)
૧.૩૦, ૬.૩૦
સાલા ખડૂસ
૧૦.૦૦

સ્ક્રીન-૫
અૅરલિફ્ટ
૩.૪૫
મસ્તીજાદે (એ)
૧૦.૦૦
સાલા ખડૂસ
૧૨.૩૦

અનોપકુંવરબા વિદ્યાલય વરસોડા ખાતે શૈક્ષણિક અને વહીવટી સેમિનાર યોજાશે

ગાંધીનગર, તા.૨૮

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી ગાંધીનગર અને ગાંધીનગર જિલ્લા બિન સરકારી માધ્યમિક અને ઉ.મા. શાળા આચાર્ય સંઘના સંયુકત ઉપક્રમે શૈક્ષણિક અને વહીવટી સેમિનારનું આયોજન તા. ૩૦ જાન્યુઆરી શનિવારના રોજ સવારે ૯ કલાકે શ્રી અનોપકુંવરબા વિદ્યાલય, સી.જે. શાહ એન્ડ એ.કે. શાહ ઉ.મા. વિદ્યાલય વરસોડા ખાતે કરવામાં આવ્યું છે. આ પ્રસંગે નિવૃત્ત આચાર્યશ્રીઓનું સન્માન કરવામાં આવશે તેમજ આ સેમિનારમાં ભાગ લેનાર આચાર્ય માટે મેડીકલ ચેક અપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. ગાંધીનગર જિલ્લાની શાળાના આચાર્ય તેમજ સંઘના હોદ્દેદારોને આ શૈક્ષણિક સેમિનારમાં ઉપસ્થિત રહેવા જિલ્લા શિક્ષણાધિકારી એમ.એસ. બારડે અનુરોધ કર્યો છે.

આ શૈક્ષણિક અને વહીવટી સેમિનારમાં અધ્યક્ષ તરીકે પૂર્વ મંત્રી રણજીતસિંહ એન. ચાવડા, એમ.આઈ.જોષી (સંયુકત શિક્ષણ નિયામક) ભીખાભાઈ શાહ, જાગૃતભાઈ મહેતા, જાણીતા સાહિત્યકાર ડૉ. કિશોરસિંહજી સોલંકી, બિપિનભાઈ શાહ, વિરેન્દ્ર રાવત, અર્ચિતભાઈ ભટ્ટ, સંજયભાઈ પટેલ, આચાર્યસંઘના ડી.કે. ચૌધરી, મહામંત્રી આર.ડી. પાન્ડેય ઉપસ્થિત રહેશે.

લેકાવાડા પ્રાથમિક શાળામાં ૨૬મી જાન્યુઆરીની કરાયેલ ભવ્ય ઉજવણી

લેકાવાડા પ્રાથમિક શાળામાં ૨૬મી જાન્યુઆરીએ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરેલ કુમારી ગીતાબેનના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. ગામમા એપ્રિલ ૨૦૧૫ થી ૨૦૧૬ સુધીમાં જન્મેલ દિકરીઓનું સ્વાગત કરાયું હતું. ધોરણ ૧ થી ૮ના બાળકોએ અલગ અલગ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા. ગામના બાળકોએ જિલ્લા પંચાયત ખાતે એક દેશભકિત ગીત રજૂ કર્યું હતું. જેમાં ૧૦૦૦ રૂપિયા ઈનામ મળ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સુહાસિનીબેન પટેલે કર્યું હતું. આ કાર્યક્રમમાં શાળાના આચાર્યા કૃપાબેન હાજર રહ્યા હતાં.

રાજીવ ગાંધી ખેલ અભિયાનની ખો-ખો સ્પર્ધામાં ગુજરાતનો વિજય

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર સાંઈ સંકુલ ખાતે રાજીવ ગાંધી ખેલ અભિયાન અંતર્ગત ત્રિદિવસીય કબડ્ડી અને ખો-ખો ટૂર્નામેન્ટ યોજાઈ હતી. આ ટૂર્નામેન્ટમાં દેશના ૨૦ રાજ્યોના એક હજાર જેટલા રમતવીરોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં ખો-ખોની ભાઈ-બહેનોની સ્પર્ધામાં ગુજરાતની ટીમે શાનદાર દેખાવ કરી રમતમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરી ગુજરાતનું ગૌરવ વધાર્યું છે.

ભારત સરકારના ખેલ મંત્રાલય દ્વારા રાજીવ ગાંધી ખેલ અભિયાનની ગ્રુપ-૨ રાષ્ટ્રીય ગ્રામીણ રમતગમત-૨૦૧૬ની ખો-ખો અને કબડ્ડી સ્પર્ધા ગાંધીનગરના સાંઈ સંકુલ ખાતે યોજાઈ હતી. આ રમતોત્સવમાં દેશભરના ૨૦ જેટલા રાજ્યોના ખેલાડી ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો.

ત્રણ દિવસ આયોજીત આ રમતોત્સવના અંતે ફાઈનલ ભાઈઓની ખો-ખોની મેચમાં મહારાષ્ટ્રની ટીમને પરાજય આપી ૧૬ પોઈન્ટ સાથે ગુજરાતે ગોલ્ડ મેડલ જીત્યો હતો. જ્યારે ખો-ખો બહેનોની ફાઈનલ મેચમાં પણ મહારાષ્ટ્રની ટીમને પરાજય આપી ગુજરાતની ટીમે શાનદાર વિજય મેળવ્યો હતો. ઉપરાંત ભાઈઓની કબડ્ડી મેચમાં હરિયાણા અને બહેનોની કબડ્ડીમાં હિમાચલ પ્રદેશની ટીમ વિજેતા જાહેર થઈ હતી.

ટૂર્નામેન્ટના અંતે સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ભારતના રીજીયોનલ ડાયરેક્ટર આર.કે. નાયક, પ્રોજેક્ટ ઓફિસર બી.કે. પાંડે દ્વારા ઈનામો અને રોકડ પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

ગુજરાત ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટી ખાતે પ્રજાસત્તાક દિનની ઉજવણી

ગાંધીનગર, તા. ૨૮

ગુજરાત ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે ૬૭મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી નિવૃત્ત આઈએએસ બલવંતસિંહ, સ્ટેટ ચીફ ઈન્ફોર્મેશન કમિશનરના વરદહસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે બલવંત સિંહે ભારતના વિર સપૂતોના બલીદાન યાદ કરી તેમને શ્રદ્ધાંજલી અર્પિત કરી જણાવ્યું કે ૬૬ વર્ષના ગાળામાં શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે હજુ પણ ઘણુ કરવાનું બાકી છે, જે માટે સાયન્સ અને ટેકનોલોજીનો ઉપયોગ ખુબ જ જરૂરી છે. આ ધ્યેય હાંસલ કરવા ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીનું યોગદાન ઉપયોગી નીવડશે. ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીએ ટુંકા ગાળામાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ખ્યાતી પ્રાપ્ત કરી છે અને આવનાર દિવસોમાં ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી એક આંતરરાષ્ટ્રીય કક્ષાની શ્રેષ્ઠ યુનિવર્સિટી બને તેવી શુભેચ્છા પાઠવી. અનેક મુશ્કેલીઓ વચ્ચે દેશ વિવિધ ક્ષેત્રમાં પ્રગતી કરી રહ્યો છે અને દેશ નવી ઉંચાઈઓનએ હાંસલ કરે તે માટે આપણે સતત પ્રયત્નશીલ રહેવું પડશે. યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને દેશની આ પ્રગતીમાં ભાગીદાર થવા આહવાન કર્યું હતું.

આ પ્રસંગે ગુજરાત ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટીના મહાનિયામક ડો. જે.એમ. વ્યાસ, વિવિધ ઈન્સ્ટીટ્યુટના નિયામકો, રજીસ્ટ્રાર, સી.ડી. જાડેજા, ફેકલ્ટીઝ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ.

આ પ્રસંગે યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિના થીમ ઉપર સામુહિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

સિના તાનકે સેલ્યુટ : રાષ્ટ્રધ્વજને રાષ્ટ્રપતિ એવોર્ડ વિનર શિક્ષકે લહેરાવ્યો

રાષ્ટ્ર ઉત્થાન અને શિક્ષક સન્માનની થીમ સાથે ગાંધીનગર સમાચારના કટાર લેખક સંજય થોરાતના ઘરે સળંગ ૧૩માં વર્ષે ગણતંત્ર દિવસ ઉજવાયો

ગાંધીનગર, તા.૨૮

ભારત સરકારની સુપ્રીમ કોર્ટે પરમીશન આપ્યા બાદ વર્ષ ૨૦૦૨થી સતત સ્વતંત્રતા અને ગણતંત્ર એમ બંને દિવસે સંજય થોરાત એમના ઘર આંગણે ત્રિરંગાને શાનથી લહેરાવી પુરા સન્માન સાથે રાષ્ટ્રીય પર્વ મનાવે છે.

ગાંધીનગરના જ કોઈ સન્માનીય વ્યક્તિને હસ્તે ધ્વજવંદન કરવાની પ્રણાલીને અનુસરતા આ વખતે ગયા વર્ષે રાષ્ટ્રપતિને હસ્તે શિક્ષકદિને શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ સ્વીકાનાર ડૉ. વર્ષાબેન પારેખને આમંત્રિત કર્યા હતા. વર્ષાબેને એમની રસમધુર વાણીમાં ઉપસ્થિત સૌને સરસ બોધવાર્તાથી રાજી કર્યા હતા. કડી કેમ્પસમાં શિક્ષિકા એવા વર્ષાબેને રિપબ્લીક ડે ના રાજયકક્ષાના કાર્યક્રમમાં એન્કરની ભૂમિકા નિભાવેલી છે.

આ કાર્યાક્રમમાં યોગાચાર્ય રાજુ પટેલ, આકાશવાણીના ઉદઘોષક સ્નેહલ ગઢવી, સમસ્ત બ્રહ્મ સમાજના અશ્વિન ત્રિવેદી, મહાત્મા મંદિરની ડિઝાઈનમાં યોગદાન આપનાર પંકજ ગાંધી, આઈ.જી. નિપુલ ઠાકર, સેન્ટ ઝેવિયર્સના શિક્ષિકા સ્મિતા એન્જિનિયર, સામાજસેવિકા સુધાબેન પટેલ વગેરેએ હાજર રહી કાર્યક્રમને દિપાવ્યો હતો.

દેશભક્તિથી છલકાતાં આ કાર્યક્રમમાં રાજુ પટેલ - મામા, આસ્થા ટિફીન, નિકુંજ શુક્લા, ઝંકાર પટેલ, હસમુખ સોની, કનુ પટેલ, રિદ્ધિ થોરાત વગેરેએ સેવાઓ આપી હતી, તો રાધે સ્વિટ્સના વિપુલ સુખડીયાએ સૌનું મોં મીઠું કરાવ્યું, સેકટર-૮ના વસાહત મંડળના સભ્યો મંગળદાસ પટેલના સહકાર્યથી ઉપસ્થિત રહ્યા હતા. શિક્ષકનું સન્માન અને રાષ્ટ્રપ્રેમનો આ કાર્યક્રમ અત્યંત પારિવારિક બની રહ્યો હતો.

બીસીએ કૉલેજમાં સાઈબર ક્રાઈમ, સાઈબર લૉ અને સાઈબર સિક્યુરીટીનો સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા.૨૮

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલિત ભોળાભાઈ પટેલ કૉલેજ ઑફ કમ્પ્યુટર સ્ટડીઝ દ્વારા સેમિસ્ટર-૪ના વિદ્યાર્થીઓ માટે સાઈબર ક્રાઈમ, સાઈબર લો અને સાઈબર સિક્યુરીટી વિષય પર એક દિવસીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સેમિનારની વિસ્તૃત માહિતી આપતા કૉલેજના પ્રાધ્યાપકોએ જણાવ્યું હતું કે જયારે વર્તમાન પરિસ્થિતિમાં માણસો સોશિયલ નેટવર્કીંગ, ફેસબુક, ટ્વિટર, વોટ્સએપ વગેરે જેવા સાધનોનો ઉપયોગ કરીને વિજ્ઞાન અને ટેકનોલોજી ક્ષેત્રે આવેલી કાંતિને સ્વીકારીને પોતાની જરૂરીયાતને પુરી કરી રહ્યા છે ત્યારે સિક્કાની બીજી બાજુ આ ટેકનોલોજીનો દુરુપયોગ પણ ઘણું નુકસાન કરી શકે છે, વિદ્યાર્થીઓમાં સાઈબર ક્રાઈમ વિશેની જરુરી સમજ કેળવાય અને સોશિયલ મીડિયા જેવા ક્ષેત્રોમાં માત્ર ઊંડાણપૂર્વક રસની સાથે પોતાની અંગત બાબતોનો કોઈ દુરુપયોગ ન કરી જાય તેના વિષે આ સેમિનાર દ્વારા ઘણી ઉપયોગી ટેકનીક જાણી તેનો ઉપયોગ કરી આજના સૌથી લોકપ્રિય ફેસબુક તથા વોટ્સએપનો આદર્શ ઉપયોગ પણ શીખ્યા હતા.

સેમિસ્ટર-૪ ના ૮૦ વિદ્યાર્થીઓ આ સેમિનારમાં જોડાયા હતા જેમાં સ્પીકર કશ્યપ ઠાકરે (ગુજરાત ફોરેન્સિક સાઈન્સ યુનિવર્સટી) વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું. સંસ્થાના ડિરેકટર ડૉ. સંજય એમ. શાહના માર્ગદર્શન હેઠળ પ્રાધ્યાપક મિત્રોએ આ સેમિનાર સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યો હતો.